ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

સાબરકાંઠા - અરવલ્લી

તા. ૯-૧૨-૨૦૨૧, ગુરૂવાર



# હિંમતનગર શહેર ભાજપ કારોબારી બેઠક યોજાઈ

## સંવેદના નાભી માંથી મળે છે : જે.ડી.પટેલ : પ્રજાલક્ષીના કામો કરી તેના ભાગીદાર આપણે બનીએ: રાજેન્દ્રસિંહ ચાવડા : આપણી પાલિકા વિકાસના કામોથી શ્રેષ્ઠ પાલિકા બનશે : યતીનબેન મોદી

બાયડ તા.૮

ભારતીય જનતા પાર્ટી હિંમતનગર શહેર ની દિવાળી પછી પ્રથમ કારોબારી શહેરના ગાયત્રી મંદિરના હોલમાં જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી.જેમાં જે.ડી. પટેલે જણાવેલ કે આપણે આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ ત્યારે નાના મોટા કામો થી સંતોષ નથી કરવાનો પરંતુ જેમ આપણા આદરણીય નીતિન ગડકરીજીએ દુનિયામાં ક્યાંય ન હોય તેવું ૨૦ મેટ્રો નું પ્લેટફોર્મ રાષ્ટ્રને સમર્પિત કર્યું, ઈફકો કંપની દુનિયાની સૌથી મોટી સહકારી કંપની બની જે ફર્ટીલાઈઝર નું ઉત્પાદન કરે છે. આપણે વિશ્વની હરોડ માં કામ કરીશું ત્યારે દુનિયા આપણી નોંધ લેતી હોય છે, ભાજપનો કાર્યકર્તા શિસ્તબદ્ધ, સમર્પણ અને ત્યાગની ભાવના સાથે કામ કરી રહ્યો છે. જે.ડી.પટેલ મુંબઈની તાજ હોટલ ની ઘટના બની તે વિશે વાત કરતા જણાવેલ કે અમેરિકાની યુનિવર્સિટી તાજ હોટલની ઘટના વિશે સંશોધન કરી રહી છે જે દિવસે ઘટના બની તે દિવસે ૬૦૦ કર્મચારી કામ ઉપર હતા આતંકવાદીઓએ મેનેજરના પરિવારને આ હોટલમાં ઉપરના માળે રહેતા હતા તેના પરિવારના પત્ની અને બે બાળકોને ગોળીઓથી ફાયર કરી મારી નાખ્યા હતા છતાં પણ મેનેજર કર્મચારી જ્યાં એને ડ્યુટી આપી હતી ત્યાંથી ભાગી ગયો ન હતો આવું કેમ બન્યું બધા જ કર્મચારીઓ હતા ત્યાં જ કામ કરતા હતા કોઈ હોટલ છોડીને નાસી ન હતા ગયા. અમેરિકાની યુનિવર્સિટીના સંશોધનમાં જાણવા ત્રણ વસ્તુઓ મળી ભારત માં ...અતિથિ દેવો ભવ... ની ભાવના હજુ જીવે છે, બીજું ટાટા ગ્રુપ કર્મચારીઓની ભરતીમાં તેની ડિગ્રી, તેને કેટલા મેડલ મળ્યા તે જોતો નથી પરંતુ શહેર કરતા ગ્રામ્ય વિસ્તારના હતા અને તેમના ફોર્મમાં રાષ્ટ્ર માટે કામ કરતા પરિવારના લોકો હતા તેમાંથી તેમની નોકરી સિલેક્શન કરી હતી અને ત્રીજું મેનેજમેન્ટ અને ટાટા ગ્રુપ વતીથી કેવી રીતે કર્મચારીઓને સાચવવામાં આવતા હતા જેમ કે, કામનો પુરસ્કાર તુરંત આપી દેવામાં આવતો હતો. જે.ડી.પટેલે વધુમાં જણાવેલ કે, ભાજપમાં કાર્યકર્તા તરીકે પણ એટલા જ જવાબદારી બને છે પદ મળે કે ન મળે ભારતમાતાનો જય જય એ આપણો ઘોષ છે. જે.ડી. પટેલે ભૂલ અને ઝડો મહત્વની એ વિશે વાત કરી હતી અને જણાવેલ કે સંવેદના નાભી માંથી મળે છે. ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ જણાવેલ કે શહેર અને તાલુકામાં કરોડો રૂપિયાના વિકાસનાં કામો થયા છે આપણી સરકારમાં વિકાસના કામોમાં ક્યાંય ગ્રાન્ટો માં અવરોધ આવતો નથી તમે જેટલા કામો લાવશો તેટલા કામો અમે કરવા તૈયાર છીએ. આપણું શહેર શ્રેષ્ઠ મોડલ બને. વિકાસના કાર્યો કોરોના માં પણ ભગીરથ કાર્યો ભાજપની સરકારે કર્યા છે. પંડિત દિનદયાલજી છેવાડાના માનવીને લક્ષ માં રાખી કામ કરવાની વાત કરી હતી તે રીતે ભારતના નાગરિકોના સુખાકારી માટે હર ઘર દસ્તક દ્વારા આપણી સરકારે કામ કર્યું છે જેમ કે પહેલો ડોઝ હજુ બાકી હોય, તેમજ બીજો ડોઝ બાકી હોય તો તેની યાદી બનાવી દરેકને વેકશીનેશન અપાવીએ. દરેક કાર્યકર્તા ઘરે ઘરે જઈ અન્ય સરકારી યોજનાઓનો લાભ મળે છે કે કેમ, દિવ્યાંગો, વિકલાંગ, મહિલાઓ આવા નાના પ્રશ્નોને ઉજાગર કરોશું તો ભાજપની સરકારના કામો સાકાર થશે,




રાજેન્દ્રસિંહ ચાવડાએ વધુમાં જણાવેલ કે જેમની ઉંમર મતદાર માટે થઈ હોય તેમના નામો દાખલ કરાવી શું તો જ આપણને જશ મળશે અને એ મતદાર ભાજપ પ્રત્યે રહેશે આ ઊંડાણ નો વિચાર આપણા રાષ્ટ્રીય અને પ્રદેશના આગેવાનો હતો આ સમાજનું સેવાનું ઉત્તમ ઉદાહરણ આપણી શરૂ કરી શકીએ. પ્રજાલક્ષી કામો થી તેમના ભાગીદાર આપણે બની શકીએ રાજેન્દ્રસિંહ ચાવડાએ વધુમાં જણાવેલ કે તાલુકામાં ૧૦ હજારથી વધુ લોકોને સરકારના લાભો આપી શકીએ છીએ આપણા પ્રમુખ સી. આર. પાટીલ સાહેબનું પણ માનવું છે કે ગંગાસ્વરૂપ બહેનોનું સમાજમાં સન્માન થાય તે પણ કામ આપણે ૧૦ તારીખે કરવા જઈ રહ્યા છીએ જેમાં લગભગ છથી સાત હજાર બહેનો નું સન્માન થશે એ જ દિવસે વાલ્મિકી સમાજનું બહેનોનું પણ પક્ષાલ વિધિ - પૂજન તેમનું સન્માન કરવામાં આવશે જેમાં પણ આપણા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સાહેબ તેમજ ગૃહ રાજય મંત્રી હર્ષભાઈ સંઘવી ઉપસ્થિત રહેશે

મારા પિતાશ્રીની ૧૦ મી પુણ્યતિથી હોવાથી તેમના સ્મરણાથે આ કાર્યક્રમો યોજવાનું નક્કી કરવામાં આવ્યા છે. ભારતીય જનતા પાર્ટી સામાજીક સમરસતામાં માને છે, સર્વ સમાજને સાથે રાખી ભાજપ કામ કરી રહી છે આપણે મતોની રાજનીતિ નથી કરતા તેમ શ્રી ચાવડા એ જણાવેલ. જીલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા એ કાર્યકર્તાઓને સંગઠાત્મક સુચનો, કાર્યકર્તાને પ્લાનિંગ કરવાના કામો વિશે વાત કરી જણાવેલ કે તમે સૌ ૮૫૦૦૦ માંથી ૧૫૦ કાર્યકર્તા અપેક્ષિત છો તેથી તમારું કેટલું મહત્વ પક્ષ માં છે સમજી શકો છો એમણે કેટલાક પેજ ઈન્ચાર્જ, બુથ ઉપર કેટલા કાર્યકર્તા હોવા જોઈએ તેમજ કાશીવિશ્વનાથ યાત્રા નો લાઈવ કાર્યક્રમ વિશે આયોજન વિશે વાત કરી હતી. શહેર પ્રમુખ વાસુદેવભાઈ રાવલે સ્વાગત પ્રવચન કરી સંગઠન માં આગામી દિવસોમાં કરવાના કામો વિશે વિસ્તૃત માહિતી આપી હતી તેમજ આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખી સૌ કાર્યકર્તા પક્ષ માટે ઘરે ઘરે જઈ સંપર્ક કરવા જણાવેલ. પાલિકા પ્રમુખ યતીનબેન મોદી પાલિકા દ્વારા શહેરમાં થયેલા વિકાસના કામોની જાણકારી આપી હતી તેમજ આગામી દિવસોમાં પાલિકા દ્વારા થનારા કામોની પણ જાણકારી આપી હતી. શરૂઆતમાં હિંમતનગર પાલિકા ને સ્વચ્છતા અંગે મળેલ એવોર્ડ માટે કારોબારીમાં સન્માન કરવામાં આવેલ તેમજ જિલ્લા અને રાજ્ય તેમજ રાષ્ટ્રીય લેવલે યુવાન-યુવતીઓ નું સન્માન કરવામાં આવેલ. તેમાં ભાજપના સંગઠનના તમામ હોદ્દેદારો જોડાયા હતા. રાજકીય ઠરાવ મહિલા મોરચાના પ્રમુખ નીલાબેન પટેલે વંચાણ માં લીધેલ તેનો અનુમોદન અરુણાબેન કડિયા અને બીપીનભાઈ એ કરેલ. આ પ્રસંગે કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ મહિલા મોરર્ચાના ઉપાધ્યક્ષ કુ.કૌશલ્યાકુંવરબા પરમાર, અતુલભાઈ દીક્ષીત, અનીરૂધ્ધભાઈ સોરઠીયા, વગેરે અપેક્ષીત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શહેર મહામંત્રી બંટીભાઈ મહેતા અને પારસ મહેતાએ કરેલ. આભારવિધિ શહેર મહામંત્રી જયેશભાઈ પટેલે કર્યું હતું.

# કળીયુગમાં સતયુગ જેવું ગામ : દેસાઈપુરા ગ્રામ પંચાયત સળંગ નવમીવાર "સમરસ"

## ગામની તમામ સંસ્થાઓમાં સમરસતા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

અરવલ્લી જિલ્લાની ૧૯૬ ગ્રામ પંચાયત માટે ધમાસણ મચ્યું છે. રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડ તાલુકામાં ગ્રામ પંચાયત સમરસ કરવી હોય તો વહીવટી તંત્રને ભરશિયાળે પસીનો પડી જતો હોય છે ત્યારે કળીયુગમાં સતયુગ જેવું ગામ બાયડ તાલુકાની દક્ષિણે જોવા મળે છે. દેસાઈપુરા ગ્રામ પંચાયત સળંગ નવમીવાર સમરસ જાહેર થતાં સરકારની રૂા.૮ લાખનો પુરસ્કાર જીતવાની પરંપરા ફરી એકવાર જાળવી રાખી છે. ગ્રામ પંચાયતના સમરસ સરપંચ તરીકે કેસાભાઈ વણાજી ઠાકોરની વરણી કરવામાં આવી છે.

આજથી ૪૦ વર્ષ અગાઉ બોરલ ગ્રામ પંચાયતમાં સમાવેશ થયેલ દેસાઈપુરા ગામ પંચાયત વિભાજનમાં દેસાઈપુરા ગ્રામ પંચાયત તરીકે અસ્તિત્વમાં આવી ગામમાં તમામ સમાજના લોકો રહેતા હોવા છતાં ગામની સેવા કે દૂધ મંડળીમાં આજદિન સુધી ચૂંટણી યોજાઈ નથી. જ્યારે ગ્રામ પંચાયતમાં પણ ક્યારેય ચૂંટણી યોજાતી નથી. ગ્રામજનો એકત્ર થઈ ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્યોની નિયુક્તિ કરી દે છે આ રીતે સળંગ ૪૦ વર્ષથી ગ્રામ પંચાયત સમરસ રહી છે. તાજેતરમાં ચૂંટણી અંગેનું જાહેરનામું બહાર પડતાં જ દેસાઈપુરા ગ્રામ પંચાયત સમરસ કરવા માટે વહીવટી તંત્રએ પ્રયત્નો હાથ ધર્યા પરંતુ ગ્રામજનો અને ગામ આગેવાનોએ અધિકારીઓને જણાવ્યું કે અમો ગ્રામ પંચાયત સમરસ કરીશું તમે અન્ય ગ્રામ પંચાયતો સમરસ થાય તેવા પ્રયત્ન કરો. ગ્રામજનોના ઉમદા વિચારોથી અધિકારીઓ પ્રભાવિત થયા. ગ્રામ પંચાયત સતત નવમીવાર સમરસ જાહેર થાય તો કેવા લાભ મળે તે માટે તલાટી કમ મંત્રી દ્વારા ગ્રામજનોને તમામ પ્રકારની જાણકારી આપવામાં આવી અને આશ્ચર્ય વચ્ચે કેસાભાઈ ઠાકોરને ગ્રામ પંચાયતના સમરસ સરપંચ તરીકે ઘોષિત કરી સમગ્ર તાલુકામાં સમરસતામાં લીડ મેળવનારૂ ગામ બની ગયું છે.

### ગ્રામ પંચાયતે મેળવેલી સિદ્ધિ

**બાયડ : દેસાઈપુરા ગ્રામ પંચાયતમાં સ્થાપનાકાળથી આજદિન સુધી ચૂંટણી યોજાઈ નથી. તમામ સરપંચ અને સભ્યો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે ત્યારે છેલ્લા ૪૦ વર્ષમાં ગ્રામ પંચાયતે મેળવેલી સિદ્ધિ ઉપર નજર કરીએ તો..**

-: ગોકુળ ગ્રામ પંચાયત.
-: નિર્મળ ગ્રામ પંચાયત.
-: પાવન ગ્રામ પંચાયત.
-: તિર્થ ગ્રામ પંચાયત.
-: સ્વર્ણિમ ગ્રામ પંચાયત.
-: સ્માર્ટ વિલેજ એમ ૬ જેટલા બહુમાન મેળવ્યા છે.

## વચનેષું કીમ દરીદ્રતા..!!

# ચૂંટણી ચકરાવો : સાબરકાંઠા-અરવલ્લીમાં મતદારોને પ્રલોભન આપવાની હોડ જામી

### નાસ્તા-ભોજનની જ્યાફતો શરૂ : ગ્રામ્ય વિસ્તારોમાં દારૂ-નોનવેજ ભોજનની મીજબાનીઓ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતાં ગામડાંનું રાજકારણ ગરમાયું છે. ૪૫૬ ગામોમાં પંચાયતની ચૂંટણી યોજાવાની હોવાથી ચૂંટણી પ્રચારનો ધમધમાટ શરૂ થયો છે. સરપંચ પદે ચૂંટાયા પછી પ્રજા વચ્ચે ભાગ્યે જ દેખાતા ઉમેદવારો હવે મતદારોને આજીજી કરવા લાગ્યા છે. જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદે બેસવા થનગનતા ઉમેદવારોએ વચનેષું કીમ દરીદ્રતા..!! ની જેમ મતદારોને પ્રલોભનો આપવાની શરૂઆત કરી દીધી છે તો બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં નાસ્તા-ભોજનની જ્યાફતો શરૂ થવાની સાથે દારૂની રેલમ છેલ થવા લાગી છે.

જિલ્લામાં નોટબંધી પછી પ્રથમવાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતાં તેની સારીનરસી અસરો આ ચુંટણી દરમ્યાન જોવા મળી શકે છે. નોટબંધીના ચક્કરમાં ભારે અંધાધૂંધી ઉભી થતાં તે ગ્રામ પંચાયતની ચૂંટણીઓને અસરકર્તા સાબિત થશે તેવું માનવામાં આવતું હતું પરંતુ ચૂંટણીની તારીખ નજીક આવ્યા પછી એક પછી એક ઉમેદવારોએ ફોર્મ ભરવાની શરૂઆત કરતાં અને ગતરોજ ચુંટણીનું ચિત્ર સ્પષ્ટ થયું છે જેમાં ૪૫૬ ગ્રામપંચાયતોમાં સરપંચપદ મેળવવા ૧૮૬૮ મૂરતિયાઓ વચ્ચે જંગ જામવાનો છે. ગ્રામ પંચાયતમાં સત્તાનાં સૂકાન સંભાળવા માટે ખમતીધર યુવા ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવતાં ગામડાંનું રાજકારણ ભરશિયાળે ગરમાયું છે. કોઈપણ ભોગે સત્તા મેળવવા માટેના પ્રયત્નો શરૂ થયા છે. પરંતુ ફોર્મ ખેંચવાની તારીખ પૂર્ણ થયા પછી જે ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતર્યા છે તેમના દ્વારા નાસ્તા તેમજ ભોજનની જ્યાફતો શરૂ થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં મતદારોને આકર્ષવા માટે અનેક પ્રકારના પ્રલોભનો અપાઈ રહ્યાં છે. ઘરવિહોણાને ઘર અને પ્લોટની જરૂરીયાતવાળાને પ્લોટ આપવાના વચનો અપાઈ રહ્યાં છે. જ્યારે અગાઉની ચૂંટણીઓની જેમ જ ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂની રેલમછેલના કારણે જાગૃત વાલીઓ પોતાના સંતાનોને ચૂંટણી પ્રચારથી દૂર રહેવાની સલાહ આપવાની ફરજ પડી છે. ગ્રામ્ય વિસ્તારોમાં મતદારો માટે નોનવેજ ભોજનની પણ મીજબાનીઓ શરૂ થઈ છે.

### મતદારો પાસે દીવા ઉપાડી સોગંદ વિધિઓ..!!

બાયડ : સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓથી ગામડાંનું રાજકારણ આજકાલ ચર્ચામાં છે. મતદારોને અનેક પ્રલાભનો અપાય છે છતાં શાણા મતદારો મન કળવા દેતા નથી જેથી સરપંચ પદના અનેક ઉમેદવારોએ મતદાર પોતાના પક્ષમાં છે કે નહીં તેની ખાતરી કરવા માટે મતદારો પાસે દીવા ઉપડાવી સોગંદ વિધિઓ સોગંદ વિધિઓ શરૂ થઈ છે.

## ખાટલે મોટી ખોડ

# જિલ્લામાં થર્ટી ફર્સ્ટએ પીધેલાઓને પકડવાની તૈયાર પણ પોલીસ પાસે પૂરતા બ્રેથએનાલાઈઝર જ નથી

### દારૂ પીધો છે કે નહીં..?? તે જાણવા મોંઢાં સૂંઘવાં પડે તેવી સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર નજીક આવતાં જ બંન્ને જિલ્લાની પોલીસ આ દિવસે પીધેલાઓને



પકડવા માટે થનગની રહી છે પરંતુ ખાટલે મોટી ખોડ એ છે કે ખુદ પોલીસ પાસે જ માનવવસ્તીની સરખામણીએ પૂરતા પ્રમાણમાં બ્રેથએનાલાઈઝર મશીન નથી જેથી પીધેલાઓના પોલીસે મોંઢાં સૂંઘવાં પછી પ્રોહીબીશનનો ગુનો સાબિત કરવા માટે બ્લડ સેમ્પલ ઉપર જ મદાર રાખવો પડશે.

જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી દેશી-વિદેશી દારૂનું દૂષણ વધ્યું છે છતાં પોલીસ પાસે બ્રેથએનાલાઈઝર મશીન ઓછા હોવાની બાબત પણ ગાંધીજીના ગુજરાતમાં શરમજનક બની છે.

જિલ્લામાં નવા વર્ષની ઉજવણી આડે ગણતરીના દિવસ બાકી રહ્યા છે. દર વર્ષે થર્ટી ફર્સ્ટની ઉજવણીના નામે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દારૂની ડ્રીંક પાર્ટીઓનું મોટાપાયે આયોજન થતા હોય છે. પોલીસ સ્વીકારે કે ન સ્વીકારે પરંતુ ચોક્કસ ફાર્મહાઉસ તેમજ એકાંત સ્થળે આ દિવસે દારૂની મહેફીલો જામતી હોય છે. થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર નજીક આવતાં અને દારૂબંધીના કાયદો વધુ કઠોર બનતાં પાર્ટીઓ માટે લાખોની કિંમતનો વિદેશી દારૂ અગાઉથી ઠલવાયો છે. આરંભાતા નવા વર્ષની ઉજવણીમાં દારૂની મહેફીલના કારણે માર્ગો ઉપર અકસ્માતનું પ્રમાણ વધતું હોય છે જેથી પોલીસ ગ્રામ પંચાયતોના ચુંટણીજંગ પછી પીધેલાઓને પકડવા માટે સક્રિય થવાનો પ્રયત્નો કરશે. બંન્ને જિલ્લા પોલીસ પાસે બ્રેથએનાલાઈઝર મશીન પૂરતા પ્રમાણમાં ન હોવાથી પીધેલા વાહન ચાલકોને પકડવા પોલીસ કર્મીઓએ મોંઢાં સૂંઘવાં પડશે. એનાલાઈઝર વગર દારૂની બોટલનો પુરાવો મળે તો ઠીક નહીં તો વાહન હંકારતા લોકોના મોંઢા સૂંઘી લોહીના સેમ્પલ લીધા પછી ગુનો નોંધવો પડશે. શામળાજી સરહદેથી થર્ટીફર્સ્ટ ડિસેમ્બરે સૌથી વધુ પીધેલાઓ ઝડપાતા આવ્યા છે.

# જિલ્લાના સ્માર્ટ વિલેજોની શરમ : શૌચાલયો છતાં ખુલ્લામાં શૌચક્રીયાનું દુષણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સ્માર્ટ વિલેજની યાદીમાં મૂકાયેલા ગામોમાં શૌચાલયો બનાવવાનો ૧૦૦ ટકા લક્ષ્યાંક પૂર્ણ થયાના દાવા થઈ રહ્યા છે તેને સ્માર્ટ વિલેજોની પ્રજા ખુલ્લામાં શૌચક્રીયાઓ કરતી હોવાથી શરમજનક સ્માર્ટ વિલેજ માટે પેદા થઈ છે. સરકારે ગ્રામ પંચાયતોની લાખો રૂપિયાની ગ્રાન્ટો શૌચાલયો તૈયાર કરવા માટે ફાળવી હતી અને ઘેર ઘેર શૌચાલયો બન્યાં હોવા છતાં પ્રજા તેનો ઉપયોગ કરવાનું ટાળી રહી છે જેથી ખુલ્લામાં થતી શૌચક્રીયા વહીવટી તંત્ર માટે શરમજનક બની રહી છે.

### શૌચાલયના ૧૦૦ ટકા લક્ષ્યાંકનો ગુબ્બારો ફૂટ્યો..!!

દેશના વડાપ્રધાનએ સ્વચ્છતા મિશનનું બ્યુગલ ફુંકતાં સર્વત્ર તેને ભારે આવકાર મળતાં સફાઈ મુદ્દે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સુધારો આવ્યો છે તો બીજી તરફ ઘેર ઘેર શૌચાલયો બને અને ગ્રામ્ય વિસ્તારો ગંદકી તેમજ બિમારીથી મુક્ત થાય તેવા આશયે સ્વચ્છતા મિશન અંતર્ગત શૌચાલયની યોજના અમલમાં મૂકતાં ઘેર ઘેર શૌચાલયો તૈયાર થઈ રહ્યાં છે તો બીજી તરફ સ્માર્ટ વિલેજ માટે ૧૦૦ ટકા શૌચાલયનાં લક્ષ્યાંક મૂકવામાં આવતાં બંન્ને જિલ્લાના અનેક વિકસિત ગામોમાં શૌચાલયોની યોજના સફળ થાય તે માટે રીતસરની હોડ જામી હતી પરંતુ શૌચાલય બન્યા પછી ગામડાંની પ્રજા તેનો ઉપયોગ કરવાને બદલે આજે પણ ખુલ્લામાં શૌચક્રીયા કરતી જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારોમાં રાત-દિવસ ડબલાં ભરીને શૌચ માટે જતી પ્રજાને જોઈ સ્માર્ટ વિલેજને કલંક લાગ્યું હોય તેવી લાગણી અનુભવાઈ રહી છે. વહીવટી તંત્ર દ્વારા ગામડાંની પ્રજા ખુલ્લામાં શૌચક્રીયાએ ન જાય તે માટે કેટલાક વિસ્તારોમાં વહીવટી તંત્રના અધિકારીઓ દ્વારા શૌચક્રીયાએ જતા લોકોને ગુલાબનું ફુલ આપી ગાંધીગીરીની ઢબે આ કલંકમાંથી મુક્તિ આપવાનો પ્રયાસ થયો હતો પરંતુ તેમાં કોઈ સફળતા મળી ન હોય તેવું જણાઈ રહ્યું છે. ખુદ સ્માર્ટ વિલેજોની પ્રજા આજે પણ ખુલ્લામાં દૈનિક ક્રીયાઓ પતાવતી હોવાથી શૌચાલયના લક્ષ્યાંકનો આપો આપ પરપોટો ફૂટ્યો છે.

# ગ્રામ પંચાયતનો જંગ : ૪૫૬ ગ્રામ પંચાયતમાં સરપંચપદના ૧૮૬૮ મૂરતિયા મેદાનમાં

## સરેરાશ એક ગ્રામ પંચાયત દીઠ ૪ ઉમેદવાર મેદાનમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૪૫૬ ગ્રામ પંચાયતોમાં તા.૧૯ ડિસેમ્બરે યોજાનારી ચુંટણી માટેનું ચિત્ર સ્પષ્ટ બન્યું છે. ૪૫૬ ગ્રામ પંચાયતોમાં યોજાનારા સરપંચપદના જંગમાં ૧૮૬૮ મૂરતિયા મેદાનમાં રહેતા મોટાભાગની ગ્રામપંચાયતોમાં ત્રિકોણીય અને ચતુષ્કોણીય જંગ જામે તેવું ચિત્ર ઉપસ્યું છે. બંને જિલ્લાની કુલ ૩૬ ગ્રામ પંચાયતો સમરસ થયાના પ્રાથમિક અહેવાલ છે.

રાજ્યમાં મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોની ચુંટણીનો જંગ જાહેર થયો એ સાથે જ સ્થાનિક ગ્રામ્ય રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ઉમેદવારીપત્ર ભરવાથી માંડી પરત ખેંચવા સુધીની સફરમાં દામ-શામ-દંડના તમામ પ્રયોગો કરવામાં આવ્યા. ક્યાંક રાજકીય તો ક્યાંક સામાજીક અને કૌટુંબિક દબાણ ઉભુ કરી ઉમેદવારોને બેસાડી દેવાના પેતરા રચાયા. કેટલાંક ઉમેદવારોને બેસાડવા માટે તેમના અને સબંધીઓના ધંધાના સ્થફે તપાસ જેવી હલકી મનોવૃતિનો પ્રયોગ થયાના લોક આરોપ સાંભફવા મળ્યા છે. ઉમેદવારી પરત ખેંચવાના અંતિમ દિવસે કેટલાંક ઉમેદવારોએ પ્રલોભનમાં અને કેટલાંક કિસ્સાઓમાં આગામી ૫ વર્ષ પછી સરપંચપદે બેસાડવાના વચનો આપી ચુંટણીનો જંગ સહજ કરવાના પ્રયાસો પણ જોવા મળ્યા. ગતરોજ ઉમેદવારીપત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે બપોર બાદ ચુંટણીચિત્ર સ્પષ્ટ થયું. સાબરકાંઠાની ૨૯ અને અરવલ્લીની ૭ ગ્રામ પંચાયતો સમીસાંજ સુધીમાં સમરસ જાહેર કરવામાં આવી હતી. જ્યારે આશ્ચર્ય વચ્ચે ગ્રામ પંચાયતોના અસંખ્ય વોર્ડ સમરસ થયાનું જાણવા મળ્યું છે. રાજકીય પ્રયોગશાફાની ઝવેરાત ગણાતા ઈડર અને બાયડ તાલુકામાં પ્રાથમિક અહેવાલ મુજબ સૌથી વધુ પંચાયતો સમરસ થયાનું જાણવા મળ્યું છે.